ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૫-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### છેલ્લા કોઠાની લડાઈ હજી બાકી

લોકસભાની ચૂંટણીના છેલ્લા નવમા તબક્કાની ચૂંટણીમાં એકતાલીસ બેઠકો પર વહેલી સવારથી ભારે મતદાન જોવા મળ્યું તે જ સૂચવે છે કે પ્રજા કેન્દ્ર સરકારમાં પુનરાવર્તન નહીં પણ પરિવર્તન ઈચ્છે છે. (આચારસંહિતાના ભંગના કિસ્સા પણ અકબંધ રહ્યા છે, ખુદ કોંગ્રેસના વારાણસીના ઉમેદવાર સામે પંજાનું ચૂંટણી નિશાન ઝભ્ભા પર લગાવી મતદાન કરવા બદલ ફરિયાદ નોંધાઈ છે.) આ પરિવર્તનની હવા જ દેશભરમાં 'મોદી વેવ' સ્વરૂપે વરતાઈ રહી હતી, જેનો કોંગ્રેસ અને મોદી વિરોધી અન્ય પક્ષો મનોમન તો સ્વીકાર કરતા જ હતા, પણ જાહેરમાં એ સત્યનું ઉચ્ચારણ કરવાનું પસંદ નહોતા કરતા. શું અરવિંદ કેજરીવાલને મોદી તરફી આ પ્રવાહનો અહેસાસ નહોતો? એ પણ જાણતા હતા કે દિલ્હીમાં શીલા દીક્ષિત સામે ઝીંક ઝીલવા કરતાં વારાણસીમાં નરેન્દ્ર મોદી વિરુદ્ધ પડકાર ઊભો કરવાનું કામ તેઓ ધારતા હતા એટલું સહેલું નહોતું જ. શીલા લીક્ષિતે દિલ્હીનો ઘણો વિકાસ કર્યો હોવા છતાં કૉમનવેલ્થ ગેમ્સ જેવાં કૌભાંડોનો રેલો એમના પગ સુધી આવતો હતો. મોદીની શાસન છવિ વિશે દુનિયા આખી ઊંચો અભિપ્રાય ધરાવે છે. કોંગ્રેસે એમની વિરુદ્ધ કરેલા આક્ષેપોમાં તથ્ય હોય તો પણ પ્રજાને એ બાબતો ગળે ઊતરી નથી. મોદી છેલ્લાં વર્ષો દરમિયાન સુશાસનના રોલમોડેલ તરીકે ઊપસી આવ્યાં છે. એમની વિરુદ્ધ થયેલ તમામ આક્ષેપ અંતે એમને વધુ મજબૂત બનાવતો રહ્યો છે. મોદી વારાણસી માટે નવા હતા, તેથી ડુંગરા દૂરથી રળિયામણા-એન્યાયે વારાણસીને એમના તરફ વિશેષ આકર્ષણ હોય તે સ્વાભાવિક છે. ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા અનેક આંતરિક મતભેદો ઓગાળી નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે પ્રોજેકટ કરાયા તે જ સૂચવે છે કે તેઓ કેટલી દુર્દમ્ય તાકાત ધરાવતા નેતા છે. એક પછી એક એમણે ભાજપના તમામ વરિષ્ઠ નેતાઓને સાઈડલાઈન કરી દીધા અને એવી સ્થિતિ સરજી દીધી કે અડવાણી અને મુરલી મનોહર જોષી કે અરુણ જેટલી અને ઉમાભારતી જેવા પોતાની આગવી ઈમેજ ધરાવતા નેતાઓને પણ મોદીના નામ પર જ ચૂંટણીની વેતરણ પાર કરવી પડે. નહેરુ યુગની સમાપ્તિ પછી ગુજરાતે શું, સમગ્ર હિંદુસ્તાને એક ઈન્દિરા ગાંધીને બાદ કરતાં આટલી પ્રચંડ તાકાત ધરાવતો નેતા જોયો કે જાણ્યો નથી. કેશુભાઈ પટેલને હટાવી ગુજરાતના મુખ્યમંત્રીપદે બિરાજયા હતા ત્યારે તેઓ વડનગર નગરપાલિકાના પ્રમુખ સુધ્ધાં નહોતા બન્યા. એ વખતે ભાજપની નેતાગીરી એમ સમજતી હતી કે આ ભાઈ છ મહિનાના ઘરાક છે. કેટલા શેરે મણ થાય છે એની સમજણ પડતાંની સાથે સામે ચાલીને રાજીનામું ધરી દેશે અને દિલ્હી પહોંચી જઈ સંગઠનનો હોદ્દો સંભાળી લેશે. કેશુભાઈ પટેલ, સુરેશ મહેતા, કાશીરામ રાણા કે ડૉ. એ.કે. પટેલ જેવા પાર્ટીના વરિષ્ઠ નેતાઓ એ દિવસની આતુરતા પૂર્વક રાહ જોતા રહ્યા, પરંતુ હવે મોદી દિલ્હી પાછા જશે તો પણ વડાપ્રધાન બનીને, વટ કે સાથ. સંઘના નેતાઓ સાથે મોદી અને રાજનાથસિંહની મુલાકાતનાં વિવિધ અર્થઘટન કરાઈ રહ્યા છે. મોદી ૨૭૨નો આંકડો ન આંબી શકે એવા સંજોગોમાં પ્રાદેશિક પાર્ટીઓનો સહયોગ મેળવીને પણ ઍનડીએની સરકાર બનાવવી અને જરૂર પડ્યે મોદીના વિકલ્પે રાજનાથસિંહને વડાપ્રધાનપદના ઉમેદવાર બનાવવા- એવી એક ફૉર્મ્યુલા આકાર લઈ રહી હોય એવા સંકેત મળી રહ્યા છે. મોદીએ ચૂંટણી પ્રચારના જોશમાં કોંગ્રેસ ઉપરાંત માયા-મમતા સહિતના પ્રાદેશિક નેતાઓ વિરુદ્ધ નર્યું ઝેર ઓક્યું હોઈ એવા સંજોગોમાં મોદીને એમનો ટેકો મળવાની સંભાવના નહીંવત જ ગણાય. જો કે મોદીને ૨૭૨+ બેઠકો મળવા બાબતે લેશ પણ શંકા નથી, એટલું જ નહીં, જરૂર પડ્યો ઉદ્યોગગૃહોની મદદથી ઘણા પ્રાદેશિક પક્ષોને 'કૉમન મિનિમમ પ્રોગ્રામ'ના સમાધાનકારી વલણ સાથે ઍનડીએ સાથે જોતરી લેવાની યોજના મોદીના મનમાં રમતી જ હશે. મોદીએ એ મુદ્દે સંકેતો પણ પાઠળી દીધા છે કે તેઓ 'દેશ' ચલાવવા માટે એમના કટ્ટર વિરોધી સાથે પણ હાથ મિલાવવા તૈયાર છે. કદાચ કેજરીવાલની આમ આદમી પાર્ટી પણ એમની સંભવિત સરકારમાં ભાગીદાર કે સમર્થક હોય તો એથી આશ્ચર્ય ન થવું જોઈએ. તકલીફ છે તે ભારતીય જનતા પાર્ટીમાં જ છે. છેલ્લો કોઠો હવે મોદીએ પોતાના જ નેતાઓ સામે જીતવાનો છે. રાજકારણમાં સૌથી મોટો પડકાર પોતાના જ પરિવાર તરફથી ઊભો થયો હોય છે. આપણે ગુજરાતીઓ મોદીને શુભેચ્છા પાઠવીએ કે એવો પડકાર પણ તેઓ કુનેહપૂર્વક ઝીલી શકે અને આગામી પંદરમી ઑગસ્ટે લાલ કિલ્લા પરથી ત્રિરંગો ફરકાવે!

# કલરવ સંસ્થાના બાળકો ટાઉનહોલમાં પરફોર્મ કરશે

## સંસ્થા દ્વારા યોજવામાં આવેલ બાલોત્સવ-૧૪ની પૂર્ણાહુતિમાં ૨૫૦ બાળકો વિવિધ કૃતિઓ રજુ કરશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શિક્ષણ નગરી છે ત્યારે કલાનગરી પણ બને તે માટે વિવિધ કલાને આ બાળકો શહેરના ટાઉનહોલમાં રજુ કરશે.

ગાંધીનગરની કલરવ સંસ્થા મે ગુરૂવાર સવારે ૮.૦૦ કલાકે, સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે કરવામાં આવશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે



કલરવ સંસ્થા દ્વારા નગરના બાળકોને રંગમંચલક્ષી બાલોત્સવ-૧૪નું આયોજન કરવામાં આવ્યું છે. બાલોત્સવમાં શિખવાડવામાં આવેલ દ્વારા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સેક્ટર-૮ ખાતે બાર દિવસીય બાલોત્સવ-૧૪નું આયોજન કરવામાં આવ્યું છે. આ બાલોત્સવ-૧૪ની પૂર્ણાહુતિ તા. ૧૫ બાળ વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ હર્ષદભાઈ શાહ ઉપસ્થિત રહેશે.

કલરવ સંસ્થા વેકેશનમાં બાળકો માટે બાલોત્સવનું આયોજન કરે છે. ત્યારે સંસ્થાનો સતત આઠમો બાલોત્સવ છે. આ બાલોત્સવમાં બાળકોને કથક નૃત્ય, વેલકમડાન્સ, કલર ઓફ લાઈવ, રાજસ્થાની નૃત્ય, નાટક, સ્પિરીટ ઓફ ઈન્ડિયા, પંજાબી નૃત્ય, ભરતનાટ્યમ, સૂફીનૃત્ય, દેશભક્તિ નૃત્ય, સ્કીટ, ફ્રીસ્ટાઈલ ડાન્સ, હુડારાસ, નગરના જાણીતા તજજ્ઞો દ્વારા શિખવાડવામાં આવે છે.

ત્યારે આ બાર દિવસીય બાલોત્સવમાં તજજ્ઞો દ્વારા શિખવાડવામાં આવેલ વિવિધ કૃતિઓ રજુ કરશે. સંસ્થા દ્વારા નગરને ભાવિ કલાકારો આપવામાં આવી રહ્યા છે. ત્યારે કલરવની આ પ્રવૃત્તિમાં અગ્રણીઓ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. જેમાં કૃષ્ણકાન્ત જહા, વી.એસ. ગઢવી, રીટા આઈએએસ, ડૉ. જયેશ શાહ, ડી.એન. પાંડે, આઈ.એ.એસ., દિનેશ પટેલ, રાહુલ મહેતા, ભાગ્યેશ જહા, આઈ.એ.એસ., નવીદિતા સિંઘ અને રેવ. ફાધર હેક્ટર પિન્ટોએ આ પ્રવૃત્તિને બિરદાવી છે.

## હરિની દ્રષ્ટિ...




આ દેવની નગરી છે, જીતશે તો સત્તા મળશે. બાકી પાપ તો ધોવાઇ જશે.

# સેક્ટર-૧૪માં આવેલ અંબાજી મંદિરનો સાતમો પાટોત્સવ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૨

શહેરના સેક્ટર-૧૪ સ્થિત અંબાજી માતાજી મંદિરનો સાતમો પાટોત્સવ યોજવામાં આવશે. એક દિવસીય ધાર્મિક કાર્યક્રમમાં માતાજીની ધજાઆરોહણ, મહાયજ્ઞ, આરતી તેમજ આંદના ગરબા યોજવામાં આવશે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૪માં આવેલ અંબાજી માતાજી મંદિરનો સાતમો પાટોત્સવ વૈશાખ સુદ પૂનમ તા. ૧૪ મે બુધવારના રોજ ધામધૂમપૂર્વક યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમ મહાયજ્ઞના યજમાન તરીકે રમેશભાઈ પરમાર ગાંધીનગર અડાલજા પરિવાર ઉપસ્થિત રહેશે.

સાતમા પાટોત્સવમાં સવારે ૮.૧૫ વાગે માતાજીને ધજા ચઢાવવામાં આવશે. ત્યારબાદ ૮.૩૦ વાગે મહાયજ્ઞ પ્રારંભ થશે. જેમાં બપોરે ૧૨.૦૦ વાગે શ્રીફળ હોમવામાં આવશે અને ૧૨.૧૫ વાગે યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવશે. તેમજ રાત્રે ૮.૦૦ વાગે આનંદનો ગરબો અને સંતવાણી યોજાશે.

આ પ્રસંગે રાત્રે ૧૦.૦૦ વાગે કુબાવત ગરૂગાદીના પરમપૂજ્યશ્રી મુળદાસ એમ. સાધુ દ્વારા આશીર્વચન અને સંતવાણી રજુ કરવામાં આવશે. આ પ્રસંગે સંતો, મહંતો, મહેમાનો અને દાતાઓને સન્માનવામાં આવશે.

## યુનિવર્સિટી કેમ્પસમાં કચરાનાં ઢગ ખડકાયા

# કેમ્પસમાં કચરાના નિકાલના અભાવે વિદ્યાર્થીઓ પરેશાન

### હજારો વિદ્યાર્થી યુનિવર્સિટીમાં રોજ પહોંચે છે : કચરાને દૂર કરવા યુનિવર્સિટી સત્તાવાળાઓ દ્વારા ઉદાસીન વલણ

અમદાવાદ, તા.૧૨

ગુજરાત રાજ્યની સૌથી મોટી ગણાતી ગુજરાત યુનિવર્સિટીમાં રોજબરોજ હજારો વિદ્યાર્થીઓ રોજિંદા કાર્ય માટે આવે છે પરંતુ વિદ્યાનું ધામ ગંદકીથી ગ્રસ્ત હોવાથી અનેક વિદ્યાર્થીઓ પોતાનું કામ પતાવીને નીકળી જવાનું મુનાસીફ માને છે ત્યારે યુનિવર્સિટીના સત્તાવાળાઓને યુનિવર્સિટી કેમ્પસમાં નરી આંખે દેખાતા ગંદકીના ઢગ કેમ ધ્યાને આવતી નથી તે એક સવાલ છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાતની સૌથી મોટી યુનિવર્સિટી તરીકે નામના મેળવનાર ગુજરાત યુનિવર્સિટી આજ-કાલ કેમ્પસમાં છવાયેલ ગંદકીના સામ્રાજ્યના કારણે પણ ચર્ચામાં છે. યુનિવર્સિટી કેમ્પસમાં તો ગંદકીએ અડ્ડો બનાવ્યો છે. એટલું જ નહીં યુનિવર્સિટીની બહારના રોડ પર પણ કુડા-કચરાનું સામ્રાજ્ય છે. આવી સ્થિતિમાં રાજ્યના યુવાનો ભણવામાં ક્યાંથી ધ્યાન કેન્દ્રીત કરે તે એક સવાલ છે. આ અંગે ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસની નિયમીત મુલાકાત લેતા વિદ્યાર્થી જણાવે છે કે ગુજરાત સરકાર દ્વારા વાંચે ગુજરાત, ભણે ગુજરાત જેવા સુત્રો દ્વારા પ્રચાર કરવામાં આવે છે પરંતુ જયાં ઉચ્ચ ડિગ્રીના વિદ્યાર્થીઓને્ નુરૂપ વાતાવરણ ન હોય ત્યાં કેવી રીતે ઉચ્ચ કક્ષાની કેળવણી શક્ય બને.

આ અંગે ગુજરાત યુનિવર્સિટીના રજીસ્ટાર બળદેવ પોતાનો સંપર્ક કરવામાં આવ્યો તો તેમણે જણાવ્યું હતું કે આવી કોઈ બાબત અમારા ધ્યાન પર આવી નથી. તેમ છતાં અમે કચરો ઉપાડનાર કોન્ટ્રાક્ટરને બોલાવીને તપાસ કરાવી છે અને જો યુનિવર્સિટી કેમ્પસમાં કચરો જણાશે તો તાત્કાલીક તેનો નિકાલ કરીશું. આ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોન આંબાવાડી વોર્ડના પબ્લિક હેલ્થ સુપરવાઈઝર અરવિંદ ઠાકરનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરતા તેઓ રજા પર હોવાનું જાણવા મળ્યું હતું. તેમણે ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે હું ગુરૂવારે ફરજ પર હાજર થઈને તાત્કાલીક આ બાબતની તપાસ કરાવીશ.

## આજે ટાઉનહોલમાં શુકદાન નાટક રજુ થશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ હસ્તકના સંસ્કૃતિકુંજ પ્રતિષ્ઠાનના ઉપક્રમે સંસ્કૃતિ સંસ્થા ગાંધીનગર દ્વારા આજરોજ મંગળવાર રાત્રે ૯.૧૫ કલાકે ટાઉનહોલ ગાંધીનગર ખાતે ચિનુ મોદી લિખિત અને ચિંતન પંડ્યા દિગ્દર્શિત 'શુકદાન' નાટક યોજવામાં આવશે. આ નાટકમાં કવિશ્રી ચિનુ મોદી ઉપસ્થિત રહી નાટક નિહાળશે.

## આજે સે. ૧૨ સ્થિત ઉમિયા માતાજીનો ૧૧મો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

શહેરના સેક્ટર-૧૨માં આવેલ ઉમિયા માતાજી સંસ્થાન ખાતે કડવા પાટીદારોની કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ભગવાન શિવજી અને રાધાકૃષ્ણ મંદિરનો ૧૧મો પાટોત્સવ આજરોજ યોજવામાં આવશે.

૧૧મા પાટોત્સવમાં નવચંડી યજ્ઞ હસમુખભાઈ પટેલના યજમાન પદે યોજાશે. આજરોજ મંગળવારે યોજાનાર પાટોત્સવમાં સવારે ૮.૦૦ વાગે નવચંડી હવન, ૧૨.૩૯ કલાકે ધ્વજારોહણ અને ૫.૦૦ વાગે યજ્ઞમાં શ્રીફળ હોમવામાં આવશે. ત્યારબાદ સાંજે ૬.૦૦ વાગે પ્રસાદ પિરસાશે અને ૭.૩૦ વાગે ઉપસ્થિત મહેમાનો અને દાતાઓનું સન્માન કરવામાં આવશે.

# સ્વામિનારાયણ પબ્લીક સ્કૂલના વિદ્યાર્થીને બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સે. ૨૩ માં આવેલી સ્વામિનારાયણ પબ્લીક સ્કૂલ એમના વિદ્યાર્થીઓને વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ કરાવે છે. અને એ દરેકમાં શ્રેષ્ઠમાં સાબીત કરનારા વિદ્યાર્થીને બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ અપાય છે.

આ વર્ષે સમગ્ર વર્ષ દરમ્યાન ચિત્ર, રમત-ગમત, ક્રાફ્ટ, નૃત્ય અને અભ્યાસ સહિતની વિવિધ પ્રવૃત્તિના સર્વાંગી શ્રેષ્ઠ પરફોર્મ્સ કરનારાં પૂજન ભાવસારને બેસ્ટ સ્ટુડન્ટનો એવોર્ડ એનાયત થયો હતો. આ એવોર્ડના પ્રાયોજક એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા હતી અને એવોર્ડ શાળાના પ્રિન્સીપાલ ભાટીયા મેડમના હસ્તે અપાયો હતો.


પૂજનના પિતા ભાવેશ ભાવસાર કલ્પતરૂ કંપનીમાં કામ કરે છે, અને ઉનાળામાં તરસ્યા પક્ષીઓ માટેની પરબનું વિશિષ્ઠ અભિયાન ચલાવે છે. પૂજનની જળહળતી સિદ્ધિને સ્વામિનારાયણ પબ્લીક સ્કૂલના સૌએ હર્ષભેર વધાવી છે.

# ત્રિવેદી-મેવાડા બ્રાહ્મણ સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ હિંમતનગર બાવન વિભાગ દ્વારા સમાજના યુવક-યુવતિઓનો જીવનસાથી પસંદગી મેળો તા. ૨૫, મે રવિવારના રોજ હિંમતનગરના આંબાવાડી સહકાર હોલ ખાતે યોજવામાં આવશે. આ પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છુક યુવક-યુવતિઓએ મહેન્દ્ર જોષી વડોદરા-૯૪૨૬૫૧૪૭૧૯, મહેશ ઉપાધ્યાય તલોદ - ૯૮૨૫૪ ૬૨૬૫૭ અને વસંત મહેતા હિંમતનગર - ૯૪૨૯૮૩૫૫૫૩ પર સંપર્ક કરવા સમાજના ઉપપ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# હિટ્સ ઓફ હેમંતકુમાર... ન યે ચાંદ હોગા, ન તારે રહેંગે, મગર હમ હંમેશા તુમ્હારે રહેંગે...



ઉઘડતે પડદે
—સંજય થોરાત
hellogandhinagar@gmail.com

કિશોર કુમારે 'વો શામ કુછ અજીબથી, યે શામ ભી અજીબ હૈ, યહ કલભી પાસપાસથી યે આજભી કરીબ હૈ...' આ ગીતના સંગીતકાર હતા હેમંતકુમાર.. અને હેમંતકુમારના ગીતોનો કાર્યક્રમ 'કલાગુર્જરી' દ્વારા પ્રસ્તુત થયો અને જેમણે પણ આ માણ્યો હશે એ આ કાર્યક્રમની શામ માટે અવશ્ય ઉપરનું ગીત જ ગણગણતું હશે...

૧૯૫૨માં આવેલી 'આનંદ મઠ' ફિલ્મનાં સંગીતથી હેમંતકુમારની એન્ટ્રી થઈ અને એમને લાવનાર હતાં હેમેન ગુપ્તા અને એનું 'વંદેમાતરમ સુજલામ સુફલામ મલય જ શીતલામ..' ગીત સૌને યાદ જ હોય... આજે ચર્ચાના ચગડોળે ચઢેલું વારાણસીએ હેમંતકુમારનું જન્મ સ્થાન અને ૧૬મી જૂન ૧૯૨૦નો એમનો જન્મ, ૧૯૩૭માં પ્રથમ બંગાળી ગીતોનું આલ્બમ અને ૧૯૪૦માં પ્રથમ હિંન્દી આલ્મબમ અને પ્રથમ ગીત 'ઈરાદા'માં ગાઈને એમના હિન્દી ફિલ્મી ક્ષેત્રે શ્રેષ્ઠ આપવાનો ઈરાદો જાહેર કર્યો..

કલાગુર્જરીના 'સુન જા દિલ કી દાસ્તાન'માં વૉઈસ ઑફ હેમંતદા સુરોજીત ગુહાએ ઑરીજનલ સાઉન્ડ ટ્રેક પર ગુજરાત-ગાંધીનગરનો પ્રથમ શઑ કર્યો. આ પાશ્વ ગાયકે હેમંતકુમારના હજારથી વધુ શૉ કર્યા છે. સફેદ ધોતી કર્તામાં સજ્જ આ સજ્જને હેમંતકુમારના ગીતોનો જે જલ્સો કરાવ્યો છે એ કાબીલે દાદ રહ્યો.. એસ.ડી. બર્મના સંગીતનું છેલ્લું ગીત 'બાત એક રાત કી'નું 'ના તુમ હમે જાનો, ના હમ તુમ્હે ચાહે, મગર લગતા હૈ કુછ ઐસા, મેરા હમદમ મિલ ગયાં..'ના પહેલાં ગીતમાં જ અહેસાસ કરાવી દીધો કે આજ કુછ અજીબ હોને વાલા હૈ... માઉથ ઑર્ગનની ટયુનનો પર્યાય બનેલું 'સોલવાં સાલ'નું 'હૈ અપના દિલ તો આવારા, ના જાને કિસપે આયેજા...' જામી ગયું.

હેમંતકુમારના એકબાદ એક મોર્વેલસ ગીતો આવતાં ગયાં. 'પતિતા'નું 'યાદ કિયા દિલને કહૉ હો તુમ, ઝુમતી બહાર હૈ કહાં હો તુમ, પ્યાર સે પુકારલો જહાં હો તુમ..' ગુરૂદત્ત માટે હેમંતદાએ અફલાતુન સંગીત આપ્યું હતું. એમની ફિલ્મ 'સાહબ બીબી ઔર ગુલામ'માં ગીતા દત્તે બધાં ગીતો મીનાકુમારી માટે ગાયાં જયારે એક માત્ર ગીત આશા ભોંસલેએ વહિદા માટે ગાયું 'ભંવરા બડા નાદાન હૈ, બગીયન કી મુસ્કાન હૈ..' આ ગીતની અલ્લડભરી અવાડમાં આનલ વસાવડા છવાઈ ગઈ.

'ખામોશી'નું 'તુમ પુકાર લો, તુમ્હારા ઈન્તજાર હૈ' અને એસ. રતનનું લખેલું સ્નેહ ભટકરનું સંગીત બદ્ધ ગીત જેમાં ફિમેલ વૉઈસ હિરોઈન નૂતનનો હતો એ 'લહેરોં પે લહર, ઉલ્ફત હૈ જવાં, રાતો કી સહલ, ચલી આઓ યહૉં..' બંને મસ્તીથી ગાયાં. હેમંતકુમાર એન્જિનીયરીંગના વિદ્યાર્થી પણ સંગીતના શોખે ઈજનેરીનો અભ્યાસ છોડ્યો. શાસ્ત્રીય સંગીતની તાલીમ એમણે ફૈયાઝખાન પાસેથી લીધી પણ ખાં સાહેબનું નિધન થતાં શાસ્ત્રીય તાલિમ પડતી મુકી એમણે વિન્દ સંગીત અપનાવ્યું અને એમના રવિન્દ્ર સંગીતમાં ગવાયેલાં ગીતો બેજોડ કહેવાયાં.. 'અનુપમા'નું ગીત 'ધીરે ધીરે મચલ, એ દિલે બેકારક કોઈ આતા હૈ, યું તડપકે ના તડપા મુઝે બારબાર..' માહોલ જામતો જ ચાલ્યો.

સુરોજીત ગુહા જેને મન્નાડે અને ઈલિયા રાજાએ વખાણ્યાં છે એવાં આ કલાકારને જો આંખ બંધ કરી સાંભળીએ તો અસ્સલ હેમંતદા જ લાગે. એમણે સલિલ ચૌધરીનું 'ટાંગેવાલા'નું શમ્મી કપૂર ફિલ્માવેલું ગીત 'હલકે હલકે ચલો સાંવરે, પ્યાર કી મસ્ત હવાઓ મેં...' અને સરદાર મલિકનાં સંગીતનું 'આબેં હયાં' નું 'મેં ગરીબોકા દિલ હું વતન કે સમાં, બેબસોકે લીયે પ્યાર કા આસમાં..' ગાઈ એમનાં વખાણને યથાર્થ સાબિત કર્યા હતાં.



પોસ્ટ બોક્ષ નં ૯૯૯નું 'હો નિંદ ના મુજકો આયે, દિલ મેરા ઘબરાયે, ચૂપકે ચૂપકે કોઈ આકે સોયા પ્યાર જતાયેં', 'કોહરા'નું 'રાહ બની ખુદ મંઝીલ, પીછે રહ ગઈ મુશ્કીલ, સાથ દુહામેં તુમ..' રોશનનું સંગીતબદ્ધ કરેલું 'મમતા'નું સુચિત્રાસેન પર ફિલ્માવેલું 'છુપાલો ઈન દિલમેં પ્યાર મેરા, કે જૈસે મંદિર મેં લો દિયે કી' હેમંતકુમારના ગીતોનો ફિવર દિલો દિમાગ પર છવાવા લાગ્યો હતો.

'નાગિન' જેવી સામાન્ય કથાને હેમંતદાના સંગીત અને કલે વાયોલિન પર સર્જાયેલી તરજોથી ફિલ્મની રિલીઝ પહેલાં જ એનાં રેકોર્ડઝનાં વેચાણમાંથી ફિલ્મનો ખર્ચો નીકળ્યાની પ્રથમ ઘટના નોંધાઈ. એ નાગિન ફિલ્મના ગીતોની મેડલી રજૂ થઈ. 'મન ડોલે મેરા તન ડોલે મેરે દિલકા ગયા કરાર રે, કૌન બજાયેં બાંસુરીયાં..., ના માંગુ મેં સોના-ચાંદી માંગુ દર્શન તેરે, તેરે દ્વારા ખડા એક જોગી.. અરી છોડ દે સજનવા પતંગવા મેરી છોડ દે.., હોં જિંદગી કે દેનેવાલે જિંદગી કે લેને વાલે પ્રિત મેરી છીન કે બતા તુઝે કયા મિલા.., મેરા દિલ યે પુકારે આજા, મેરે ગમ કે સહારે આજા, ભીગા ભીગા યે સમાં, ઐસે મેં ભી તું કહાં.., મન ડોલાવતી ધૂનો રહી બધ્ધી જ..

એસ.ડી. બર્મન- દેવાનંદ- હેમંતકુમારે મળી જાલ- હાઉસ નં-૪૪ સોલવાં સાલ- બાત એક રાત કી જેવી યાદગાર ફિલ્મો આપી જેમનો અલાયદો કાર્યક્રમ જ યોજી શકાય પૈકીનું 'જાલ'નું 'યે ચાંદની ફીર કહાં સુન જા દિલ કી દાસ્તાંન..' જે આ કાર્યક્રમનું ટાયટલ સોંગ હતું... 'બીસ સાલ બાદ'નાં 'કહીં દીપ જલે કહીં દિલ, જરા દેખ લે આકર પરવાને તેરી કૌનસી હૈ મંઝીલ' અને 'જરાં નઝરો સે કહેદોજી, નિશાના ચૂક ના જાયે' સાથે પબ્લિક ફરમાઈશ પર 'યા દિલકી સુનો દુનિયાવાલે, યા મુઝકો અભી ચૂપ રહેને દો..' શ્રોતાઓ હેમંદામય બની ચૂકયા હતાં.

'અનારકલી'નું રાગ બાગેશ્રી પર ગવાયેલું 'જાગે દર્દ ઈશ્ક જાગ, દિલ કો બેકરાર કર..' નૌશાદની લૉરી 'દો ચંદન કા પલના, રેશમ કી ડોરી, ઝુલા ઝુલાઉં નિંદાયા કો તોરી..', 'યે નયન ડરે ડરે, યે જામ ભરે ભરે, જરા પિને દો..', વેસ્ટર્ન ધુન પર રચાયેલું ગીત જેનું સ્થાયિ એ જ રાખ્યું અને અંતરો બદલેલું એ 'આજા જરા મેરે દિલ કે સહારે દિલરૂબા..', 'ઈન્સાફ કી ડગર પેં બચ્ચો દિખાઓ ચલકે, યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલ કે...', 'આશા'નું 'જાનેં વો કૈસે લોગ થે જિનકો પ્યાર સે પ્યાર મિલા, હમને તો જબ કલિયાં માંગી કાંટોકી હાર મિલા...' 'એક હી રાસ્તા'નું 'સાંવલી સલોને આયેં દિન બહાર કે, ઝુમતી નજારે ઝુમે રંગદાર કે, નદી કિનારે કોયલ પુકારે, આયા જમાનો ગાઓ ગીત પ્યાર કે' હેમંતદાનાં ગીતોનો આસ્વાદ અભિભૂત કરતો ચાલ્યો.

'જાદૂગર સૈયા, છોડો મેરી બૈયા, હો ગઈ આધી રાત, અબ ઘર જાનેં દો..', 'અનારકલી'નું 'જિંદગી પ્યાર કી દો ચાર ઘડી હોતી હૈ, ચાહે કોઈ ભી હો યે ઉમ્ર બડી હોતી હૈ..' અને હેમંતદાના સદાબહાર ગીતોની મેડલી આવી 'તુમ્હે યાદ હોંગા, કભી હમ મિલે થે, મુહબ્બત કી રાહોં મેં મિલ કે ચલે થે..', તુમ્હી મેરે મીત હો, તુમ્હી મેરે પ્રિત હો, તુમ્હી મેરે આરઝુ કા પહેલા પહેલા ગીત હા', 'તુમ્હે જો ભી દેખ લેગા, કિસીકાના હો સંકેગા', 'ઈતના તો કહે દો તુમસે હી પ્યાર હૈ' અને છેલ્લા ગીતની જાહેરાત થઈ પણ શ્રોતાઓએ એમની ફરમાઈ મુકી અને વિનમ્ર કલાકારે માંગ સ્વીકારી લીધી.

'ન યે ચાંદ હોંગા, ન તારે રહેંગે, મગર હમ હંમેશા તુમ્હારે રહેંગે..', 'ચૂપ હૈ ધરતી, ચુપ યે ચાંદ સિતારે, મેરે દિલકી ધડકન તુઝકો પુકારે' બે ગીત ગાયાં અને અંતિમ ગીત 'બેકરાર કરકે હમેં યુ ના જોઈએ. આપકો હમારી કસમ લૌટ આઈયે' અને આખા હૉલનાં શ્રોતાઓએ ઉભા થઈ એમને ભરપૂર વધાવી લીધાં અને જતાં જતાં એક ગીત ગાવાની વિનંતી થઈ અને એમણે 'ગંગા આયે કહાં સે, ગંગા જાયે કહાં સે' ઉભા ઉભા ગાયુ અને શ્રઓતાઓએ ઉભા રહીને જ સાંભળ્યું. એક જ કલાકારના ગીતો અને માત્ર સાઉન્ડ ટ્રેક પર ગવાય અને શ્રઓતાઓ છે કે સુધી મનભરી માણે એવો અદ્ભુત કાર્યક્રમ છેલ્લાં ઘણાં વર્ષોમાં જોવા મળ્યો. ગાયક સુરોજીત ગુહા અને આનલ વસાવડા બંને અભિનંદનને પાત્ર છે.

હેમંતકુમારની સંપૂર્ણ બાયૉગ્રાફી સાથે અસ્ખલીત હિન્દીમાં સુત્ર સંચાલન કરતાં તુષાર જોશીએ હેમંતકુમારના ગીતો અને શ્રોતાઓ વચ્ચે ભાવનાત્મક સંગીતના પુલને બાંધવાનું કામ કર્યું, એમનાં માટે હેમંતદાનાં ગીતોના શબ્દોમાં કહીએ તો 'તુમ પુકાર લો તુમ્હારા ઈન્તજાર હૈ, મુપ્ત સરસી બાત હૈ, તુમસે પ્યાર હૈ..' કલાગુર્જરીના એન.પી. પટેલ, મહેન્દ્ર ત્રિવેદી અને કાર્યક્રમનાં ઘડવૈયા જયરાજસિંહ સરવૈયા આવો અફલાતુન ઑફબીટ કાર્યક્રમ લઈ આવવા માટેની જે મશાલ ઉપાડી છે એ ગાંધીનગરનાં શ્રોતાઓનું સદ્ભાગ્ય જ કહેવાય.. કલાગુર્જરી માટે હેમંતદાનું આજનાં કાર્યક્રમમાં ના વાગેલું ગીત કેડીકેટ કરાય એવું જ છે. 'જગત ભરકી જિંદગી કે લીયેં, કરોડો કી રોશની કે લીયે સુરજ રે જલતે રહેના..' હેટ્સ ઑફ એન્ડ હિટસ ઑફ હેમંતકુમાર..

**'કલાગુર્જરી' પ્રસ્તુત 'સુન જા દિલકી દાસ્તાન'માં વૉઈસ ઑફ હેમંતદા સુરોજીમ ગુહાએ માત્ર મ્યુઝિકલ ટ્રેકના બેક ગ્રાઉન્ડ પર માતબાર ગીતો રજૂ કરી શ્રોતાઓને 'તન ડોલે મેરા મન ડોલે, મેરે દિલકા ગયા કરાર રે...' જેવા મેલોડિયસ ગીતો પર ડોલાવી દીધા**